GJKT010037822026

| | |
|---|---|
| RECEIVED ON | 19-08-2026 |
| REGISTERED ON | 19-08-2026 |
| DECIDED ON | 21.08.2026 |
| DURATION | |
| YEAR: - | MONTH: - | DAYS: 02 |

सत्यमेव जयते

**નામદાર શ્રી ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં,ભુજ–કચ્છ.**

–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**આંક:–૭**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર ૧૦૯૧/૨૦૨૬</u>**

**યશવંતસિંહ ઉર્ફે યશપાલસિંહ હેતુભા જાડેજા**
ઉ.વ.૨૬,ધંધો–ખેતી
રહે.ગામ–ડુમરા,
તા.અબડાસા–કચ્છ.
હાલે જયુડીશીયલ કસ્ટડીમાં **::::::::: અરજદાર/આરોપી.**

વિરૂધ્ધ

**શ્રી સરકાર**
મારફતે
જિલ્લા સરકારી વકીલ શ્રી
ભુજ–કચ્છ. **:::::::::::::::::: સામાવાળા.**

**બાબત:–** દિન–૩૦(ત્રીસ) નાં વચગાળાનાં જામીન આપવા અંગે..

––––––––––––––––––––––

**સમક્ષ:–** શ્રી એન.પી.રાડીઆ,ત્રીજા અધિક સેશન્સ જજ,ભુજ–કચ્છ.

––––––––––––––––––––––

**<u>અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી એચ.કે.ગઢવી.</u>**

**<u>સામાવાળા/શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરી.</u>**

(N.P. Radia)
3th Addl. Sessions Judge, Bhuj

::– <u>ઠરાવ</u> ::–

(૧) અરજદાર/આરોપીએ હાલની જામીન અરજી વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા માટે દાખલ કરેલ છે.અરજદાર/આરોપી સામે કોઠારા પોલીસ સટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૨૩૨૪૦૧૩૮/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૧૧૮(૧),૧૧૭(૨),૧૧૮(૨), ૨૯૬ (બી),૫૪,૧૦૩(૧) મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે અને અરજદાર/ આરોપીએ વચગાળાનાં જામીન માંગેલા છે.

(૨) અરજદાર/આરોપી તરફે તેમના વિ.વકીલ શ્રીએ અરજી મુજબની દલીલ કરતા જણાવેલ છે કે આ કામનાં અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે,અરજદાર/આરોપીનાં પિતાશ્રી તબીયત નાદુરસ્ત રહેતી હોઇ વિશેષ સારવારની જરૂર હોઇ અને તેની ખાસ કાળજી તેમને રાખવાની હોઇ દિન–૩૦ નાં વચગાળાનાં જામીન પર મુકત કરવા અરજ કરેલ છે.વધુમાં અરજદાર/આરોપીને અગાઉ ફો.પ.અ.નં.૬૮૩/૨૦૨૬ થી વચગાાળનાં જામીન પર મુકત કરવામાં આવેલા અને નામદાર કોર્ટે ફરમાવેલ તમામ શરતોનું પાલન કરેલ છે.આ અરજી ગુણદોષ પર જામીન મુકત થવા માટે કરેલ નથી.જેથી માનવતાનાં ધોરણે હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) સામાવાળા/શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એ. મહેશ્વરીએ તપાસ કરનાર અમલદારનાં રિપોર્ટ મુજબની રજુઆત કરતા જણાવેલ છે કે અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો સાપરાધ મનુષ્યવધનો ગુન્હો આચરેલ છે તેમજ ફરિયાદી અને આરોપી આજુબાજુનાં ગામનાં વતની છે તેમજ અરજદાર/આરોપીનાં પરિવારમાં તેમના અન્ય ભાઇઓ પણ છે,જે પિતાની સારવાર અને સારસંભાળ રાખી શકે તેમ છે.જેથી અરજદાર/ આરોપીની હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(N.P. Radia)
3th Addl. Sessions Judge, Bhuj

(૪) બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી તથા રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી આધારો ધ્યાને લીધા.અરજદાર/આરોપી હાલમાં કોઠારા પોલીસ સટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૨૩૨૪૦૧૩૮/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૧૧૮(૧),૧૧૭(૨),૧૧૮(૨), ૨૯૬ (બી),૫૪,૧૦૩(૧) મુજબનાં ગુન્હાનાં કામે જયુડીશીયલ કસ્ટડીમાં છે.આ કામે ગુન્હાની ટુંકમાં હકીકત એવી છે કે,અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓ સાથે જુના ઝઘડાનું મનદુ:ખ રાખી અને ફરિયાદીને લોખંડનાં પાઇપથી માર મારીર શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મરણ જનારનું મોત નિપજાવ્યા અંગેનો ખૂનનો આક્ષેપ છે.વધુમાં હાલનાં અરજદાર/આરોપી તરફે એવી રજુઆત છે કે,હાલમાં તેનાં પિતા બિમાર છે અને તેની સારવાર ચાલુમાં છે અને તે માટે અરજદાર/આરોપીની પ્રત્યક્ષ હાજરીની જરૂરીયાત રહેલી છે.વધુમાં અરજદાર/આરોપીએ સારવાર બાબતનાં આધાર પણ રજુ રાખેલા છે,જે ધ્યાને લીધા.વિશેષમાં અરજદાર/ આરોપી તા:–૧૬/૦૭/૨૦૨૪ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે.આરોપીની વર્તણૂંક બાબતે જેલ ઓથોરોટી તરફથી કોઇ વિરૂધ્ધનો અહેવાલ નથી, આરોપીએ અગાઉ કોઇ શરતોનો ભંગ કરેલ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. વધુમાં તપાસનીશ અધિકારીએ આરોપીનાં પિતાનું નિવેદન પણ લીધેલ છે તેની હકીકતો જોતા અને રજુ રાખેલ આધાર જોતાં અરજદાર/આરોપીને તા:–૨૨/૦૮/૨૦૨૬ થી તા:–૦૫/૦૯/૨૦૨૬ સુધી વચગાળાનાં જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાતુ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**::– <u>હુકમ</u> ::–**

(૧) અરજદાર/આરોપી જશવંતસિંહ ઉર્ફે યશપાલસિંહ હેતુભા જાડેજા,ઉ.વ.૨૬,રહે.ડુમરા,તા.અબડાસા–કચ્છ.હાલે જયુડીશીયલ કસ્ટડી –નાંઓની કોઠારા પોલીસ સટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૨૩૨૪૦ ૧૩૮/૨૦૨૪,બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૧૧૮(૧),૧૧૭(૨), ૧૧૮(૨), ૨૯૬ (બી),૫૪,૧૦૩(૧) મુજબનાં ગુન્હાનાં કામે વચગાળાની

(N.P. Radia)
3th Addl. Sessions Judge, Bhuj

જામીન અરજી આથી **અંશતઃ મંજુર** કરવામાં આવે છે અને અરજદાર/ આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) નાં સધ્ધર જામીન તથા તેટલીજ રકમનાં જાતમુચરકા સબંધિત અદાલત સમક્ષ રજુ કર્યેથી માત્ર પિતાની સારવાર કરાવવા તથા દેખભાળ કરવાનાં હેતુસર જ તા:–૨૨/૦૮/૨૦૨૬ થી તા:–૦૫/૦૯/૨૦૨૬ નાં સાંજનાં કલાક ૧૮.૦૦ સુધીનાં વચગાળાનાં જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ ફરિયાદી–સાહેદો સાથે કોઈપણ રીતે સંપર્ક કરવો કે કરાવવો નહી.

(૩) અરજદાર/આરોપીએ વચગાળાનાં જામીન મુકિતનાં સમયગાળા દરમિયાન કોઈપણ ગુન્હાહિત પ્રવૃતિ કરવી નહી અને જો અરજદાર/આરોપી ધ્વારા કોઈ ગુન્હાહિત પ્રવૃતિ થયાનું ધ્યાનમાં આવે તો આ હુકમ આપોઆપ રદબાતલ ગણાશે અને જેલ ઓથોરીટી કે તપાસ કરનાર અમલદાર અરજદાર/આરોપીની ધરપકડ કરી પરત જેલ હવાલાતમાં મોકલી આપશે.

(૪) અરજદાર/આરોપીએ ઉપરોકત સમયગાળા દરમિયાન ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૫) અરજદાર/આરોપીએ વચગાળાનાં જામીનની મુદત પુરી થાય તે પહેલા તુરંત જેલ ઓથોરીટી સમક્ષ સરન્ડર થવાનું રહેશે અને જેલ ઓથોરીટી સમક્ષ હાજર થયા અંગેની પુરશીશ જેલરશ્રી/વકીલ શ્રી દ્વારા સબંધિત અદાલત સમક્ષ રજુ કરવાની રહેશે.

(૬) આ હુકમની જરૂરી યાદી સબંધીતોને કરવી.

હુકમ આજરોજ તા:–૨૧ માહે ઓગસ્ટ સને ૨૦૨૬ નાં રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવીને મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સહી/–

તા:–૨૧/૦૮/૨૦૨૬
ભુજ–કચ્છ.

**(એન.પી.રાડીઆ)**
ત્રીજા અધિક સેશન્સ જજ
ભુજ–કચ્છ.
GJ00621

(N.P. Radia)
3th Addl. Sessions Judge, Bhuj